ફરીયાદ રજુ તા.	૧૮	૧૨	૨૦૧૮
ફરીયાદ રજીસ્ટર તા.	૧૮	૧૨	૨૦૧૮
ફરીયાદ ફેંસલ તા.	૨૩	૧૨	૨૦૧૮
ફેસલ સમયગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૧	૦૦	૦૫

અમદાવાદના મહે.એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી,
ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કોર્ટ નંબર:- ૩૦ સમક્ષ

ફોજદારી કેસ નંબર: ૧૧૧૫૮૧/૧૮
આંક- ૧૮

ફરીયાદી : જયોતિબેન જયેશભાઈ કાનાણી, ઉ.વ.પુખ્ત વયના,
રહેવાસી:૨૪,જયરથ બંગ્લોઝ,
રામફાણ સોસાયટી પાસે,જોધપુર,અમદાવાદ.

વિરૂધ્ધ...

તહોમતદાર : કેતનભાઈ નટુભાઈ ચૌહાણ ,
રહેવાસી:એ/૧૧, શાસ્ત્રીનગર,
નાના મવા મેઈન રોડ,રાજકોટ, તથા
રહે.૭૩૭-૭૩૮,સ્ટાર ચેમ્બર્સ, ટાગોર માર્ગ,રાજકોટ હરીહર ચોક ,
રાજકોટ,૩૬૦૦૦૫.

ગુનો : **ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ**

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી પી.પી.ચંદારાણા
આરોપીપક્ષે વિ.વ.શ્રી એસ.એમ.ભટ્ટ,ડી.જી.શુકલા

જજમેન્ટ

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના ફરીયાદી વાસન એગ્રો. પ્રા.લી. ના ડાયરેકટર તરીકે ફરજ બજાવે છે. આ કામના આરોપીએ ફરીયાદી તથા અન્ય ત્રણ ડાયરેકટ સાથે એક એમ.ઓ.યુ. તા. ૨૧-૦૫-૨૦૧૮ ના રોજ કરેલ. એમ.ઓ.યુ. મુજબ સદરહું વાસન એગ્રો પ્રા.લી. કંપનીમાં ફરીયાદીએ શરૂઆતના સમયમાં રૂા.૩,૧૩,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ તેર હજાર પુરા) કંપનીના ડેઈલી એકસપેન્સના ખર્ચ કરેલ જે રકમ પૈકી રૂા.૩,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) આરોપીએ સદર કંપનીમાં જોડાયેલ તે સમયે ફરીયાદીને ચુકવવા સંમત થયેલ અને સદર રકમ ચાર ટુકડામાં ચુકવવાનું નકકી કરેલ અને તે મુજબના ચેકોમાં વિગતો ભરી આરોપીએ ફરીયાદીને ચેકોમાં સહી કરી આપેલ. ત્યારબાદ ફરીયાદીએ ચેકો તેમના ખાતામાં જમા કરાવવા માટે પૂછતા આ કામના આરોપીએ વાયદાઓ કરી સમય વ્યતિત કરતા અને છેલ્લે આરોપીએ ફરીયાદીને તા.૧૨-૧૦-૨૦૧૮ ના રોજ જમા કરાવવા માટે જણાવતા ફરીયાદીએ તા. ૧૨-૧૦-૨૦૧૮ ના રોજ સદરહું ચેકો પૈકી તા. ૧૫-૦૭-૨૦૧૮ ના રોજનો રૂા.૫૦,૦૦૦/-(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, સુરેશ ચેમ્બર્સ ટાગોર માર્ગ, રાજકોટ શાખાનો ચેક નં.૭૫૫૮૬૯ નો ફરીયાદીએ તેમની આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક જે.એમ.સી. પરીમલ ગાર્ડન શાખા, અમદાવાદ ના સેવિંગ્સ એકાઉન્ટ નં. ૭૭૭૭૦૧૦૦૪૨૪ માં ભરતા, સદરહું ચેક તા. ૧૬-૧૦-૨૦૧૮ ના રોજ ''ફન્ડસ ઈનસફીસયન્ટ''ના શેરાથી પરત આવેલ. ત્યારબાદ ફરીયાદીએ એડવોકેટ મારફતે તા. ૧૫-૧૨-૨૦૧૮ ના રોજની નોટીસ આરોપીને રજી.પો.એડી.થી મોકલાવેલ. જે નોટીસની બજવણી થયેલ હોવા છતાં આરોપીએ તેનો અમલ કરેલ નહીં.

આમ, આરોપીએ ફરીયાદીને ચેકની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી ફરીયાદી ધ્વારા આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ-૧૮૮૧, (કે જેને સરળતા ખાતર હવે પછી આ ઠરાવમાં ''**એકટ**'' તરીકે સંબોધવામાં આવેલ છે) ની કલમ ૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાથી હાલની ફરીયાદ તારીખ.૧૮-૧૨-૧૮ ના રોજ અત્રે ની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદ દાખલ કરતા ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ ઈસ્યુ કરતા, આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૭ અન્વયે

ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ અને આરોપીની ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૧ અન્વયે પ્લી આંક.૧૩ થી નોંધતા આરોપીએ ગુન્હા નો ઈન્કાર કરેલ, જેથી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવા રજુ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવા:-

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧	ફરીયાદી જયોતિબેન જયેશભાઈ કાનાણીની સોગંદ ઉપરની જુબાની	૪

લેખિત પુરાવા:-

ક્રમ	દસ્તાવેજી પુરાવા	આંક
૧	એમ.ઓ.યુ.ની નકલ	૦૭
૨	ફરીયાદવાળો અસલ ચેક	૦૮
૩	ફરીયાદવાળા ચેકનો રીટર્ન મેમો	૦૯
૪	ફરીયાદીએ આપેલ નોટીસની સ્થળપ્રત નકલ	૧૦
૫	નોટીસ રજી.એડી.કર્યાની સ્લીપ	૧૧
૬	રજી.એડી.બજયાની એકનોલેજમેન્ટ	૧૨

(૪) ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ રાખ્યા બાદ વધુ કોઈ પુરાવા રજુ રાખવા માંગતા ન હોય તે સબબ કલોઝીંગ પુરસીશથી જાહેર કરવામાં આવેલ છે. આ કામે આરોપીપક્ષ તરફે ફરીયાદી ની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે આરોપીપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવ્યા બાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ માટે કોઈ જ સક્રિય પ્રયત્ન કરેલ ન હોય, જેથી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હક બંધ કરવા માટેની ફરીયાદપક્ષની આંક.૧૪ ની અરજી હેઠળ હુકમ કરી ફરીયાદીની ઉલટ તપાસનો આરોપીનો હક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપીપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવા નો પોતાનો હક ખોલવા માટે કોઈ અરજ અહેવાલ અત્રેની કોર્ટ સમક્ષ કરવામાં આવેલ નથી કે અત્રેની અદાલતના હુકમને અન્ય કોઈ સક્ષમ ઓથોરીટી સમક્ષ પડકારવામાં આવેલ નથી. આ કામે ફરીયાદ

પક્ષનો પુરાવો પુરો થયા બાદ હાલનું કામ આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ હતું. પરંતુ આરોપી વિશેષ નિવેદન માટે પણ પુરતી તક આપવા છતાં કોર્ટ સમક્ષ હાજર રહેલા ન હોય, જેથી ફરીયાદીપક્ષની આંક. ૧૬ ની અરજી અન્વયે આરોપીનું એફ.એસ.ડીસ્પેન્શ વીથ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ હાલનું કામ બંન્ને પક્ષકારોની દલીલો ઉપર રાખવામાં આવેલ જે અન્વયે ફરીયાદપક્ષ ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે. જયારે આરોપીપક્ષને પોતાના તરફેની દલીલો રજુ કરવા વ્યાજબી તકો આપવા છતાં દલીલો કરવામાં આવેલ નથી. આરોપીપક્ષને દલીલો કરવા માટે તક આપવા છતા દલીલો કરવામાં આવેલ ન હોય જેથી આખરે આરોપીનો દલીલનો હક બંધ કરી હાલનું કામ આખરી ઠરાવ માટે રાખવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ પુરાવા, ફરીયાદપક્ષની મૌખિક દલીલો તથા રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતા સદર કેસના ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ મુખ્યત્વે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા

(૧) શું ફરીયાદ પક્ષ નિ : શંકપણે પર પુરવાર કરે છે કે, આ કામના આરોપી પાસેથી લેણી નીકળતી રકમની ઉઘરાણી કરતા, આરોપીએ તા. ૧૫–૦૭– ૨૦૧૮ ના રોજ નો રૂ.૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા સુરેશ ચેમ્બર્સ ટાગોર માર્ગ, રાજકોટ શાખાનો ચેક નં. ૭૫૫૮૬૯ નો ચેક સહી કરી આપેલ જે ચેક ફરીયાદીએ આરોપીની સુચના અન્વયે બેંકમાં જમા કરાવતા તા. ૧૬–૧૦–૧૮ ના રોજ રીટર્ન મેમા સાથે ફંડસ ઈનસફીશીયન્ટના શેરાથી પરત ફરતા ફરીયાદીએ આરોપીને એડવોકેટશ્રી મારફતે એકટની કલમ ૧૩૮ (બી) મુજબ ની નોટીસ તા.૧૫–૧૨–૧૮ ના રોજ આપતા, તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ચેકની કાયદેસરની લેણી રકમ ફરીયાદીને ન ચુકવી આપી, આ કામના આરોપીએ એકટની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

-:: કારણો ::-

(૮) <u>**મુદ્દા નંબર: ૧**</u>

સૌપ્રથમ પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકાર જે તે હકીકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી તે પક્ષકારોના ઉપર રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ ૧૧૮ અને ૧૩૯ પ્રમાણે અનુમાન કરવાના રહે છે તે માટે સૌ પ્રથમ ઘી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ ના તત્વો પુરવાર થાય છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે.

<u>**કલમ-૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:**</u>

> સમગ્ર રીતે અથવા અંશત : કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિત ને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક પરત કરે, કારણ કે એ ખાતામાં જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી હોય, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલ વ્યવસ્થા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે હોય ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ ઠરાવવામાં આવે છે કે આ કલમનો કોઈપણ મજકુર લાગુ પડશે નહીં સિવાય કે....

(ક) જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખથી છ મહિનાની મુદત અથવા તેની કાયદેસર મુદત હોય, એ બેમાંથી જે વહેલી હોય તે મુદતની અંદર બેંકમાં રજુ કરવામાં આવ્યો હોય,

(ખ) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક અણ ચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના ત્રીસ દિવસની અંદર તે ચેકના લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરી હોય, અને

(ગ) તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહુ નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય,

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો પુરવાર કરવા માટે આવશ્યક તત્વો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક કોઈ કારણસર વણ ચુકવાયેલના કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજયાથી ૧૫ દિવસમાં ચેક લખનાર તે રકમ ચુકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ૧૩૯ તથા કલમ ૧૧૮ મુજબ ધારકની તરફેણમાં અનુમાન થાય.

<u>કલમ–૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :</u>

જયાં સુધી વિરૂધ્ધનુ પુરવાર કરવામાં આવે નહીં ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ ૧૩૮માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ એ વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલ ચેક કોઈ દેવા પેટે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેક ના આપનાર ઉપર છે.

<u>કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :</u>

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

(ક) **અવેજ વિષે :** દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવા

માં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) **તારીખ વિષે:** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) **સ્વીકારનાર સમય વિષે:** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) **તબદીલીના સમય વિષે :** કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) **શેરાઓના ક્રમ વિષે :** કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **સ્ટેમ્પ વિષે:** ખોવાઈ ગયેલ પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલ હતો.

(જ) **ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે :** કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે, તે ખત તેના કાયદેસરના માલિક પાસે થી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

(૯) હાલના પ્રસ્તુત કેસમાં ફરીયાદીએ આંક. ૪ થી સર તપાસ રજુ કરી ફરીયાદ હકીકતને સમર્થન આપી જણાવેલ છે કે, ફરીયાદી વાસન એગ્રો. પ્રા.લી.ના ડાયરેકટર તરીકે ફરજ બજાવે છે. આ કામના આરોપીએ ફરીયાદી તથા અન્ય ત્રણ ડાયરેકટ સાથે એક એમ.ઓ.યુ. તા. ૨૧–૦૫–૨૦૧૮ ના રોજ કરેલ. એમ.ઓ.યુ. મુજબ સદરહું વાસન એગ્રો પ્રા.લી. કંપનીમાં ફરીયાદીએ શરૂઆત ના સમયમાં રૂા. ૩,૧૩,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ તેર હજાર પુરા) કંપનીના ડેઈલી એકસપેન્સના ખર્ચ કરેલ જે રકમ પૈકી રૂા.૩,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા ત્રણ લાખ પુરા) આરોપીએ

સદર કંપનીમાં જોડાયેલ તે સમયે ફરીયાદીને ચુકવવા સંમત થયેલ અને સદર રકમ ચાર ટુકડામાં ચુકવવાનું નકકી કરેલ અને તે મુજબના ચેકોમાં વિગતો ભરી આરોપીએ ફરીયાદીને ચેકોમાં સહી કરી આપેલ. ત્યારબાદ ફરીયાદીએ ચેકો તેમના ખાતામાં જમા કરાવવા માટે પૂછતા આ કામના આરોપીએ વાયદાઓ કરી સમય વ્યતિત કરતા અને છેલ્લે આરોપીએ ફરીયાદીને તા. ૧૨–૧૦–૨૦૧૮ ના રોજ જમા કરાવવા માટે જણાવતા ફરીયાદીએ તા. ૧૨–૧૦–૨૦૧૮ ના રોજ સદરહું ચેકો પૈકી તા. ૧૫–૦૭–૨૦૧૮ ના રોજનો રૂા.૫૦,૦૦૦/–(અંકે રૂપીયા પચાસ હજાર પુરા) નો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, સુરેશ ચેમ્બર્સ ટાગોર માર્ગ, રાજકોટ શાખાનો ચેક નં.૭૫૫૮૬૯ નો ચેક ફરીયાદીએ તેમની આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક જે.એમ.સી. પરીમલ ગાર્ડન શાખા, અમદાવાદના સેવિંગ્સ એકાઉન્ટ નં.૭૭૭૭૦૧૦૦૪૨૪૨ માં ભરતા, સદરહું ચેક તા.૧૬–૧૦–૨૦૧૮ ના રોજ ''ફન્ડ ઈનસફીસયન્ટ'' ના શેરાથી પરત આવેલ. ત્યારબાદ ફરીયાદીએ એડવોકેટ મારફતે તા.૧૫–૧૨–૨૦૧૮ ના રોજની નોટીસ આરોપીને રજી.પો.એડી.થી મોકલાવેલ. જે નોટીસની બજવણી થયેલ હોવા છતાં આરોપીએ તેનો અમલ કરેલ નહીં. જેથી આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. તેમજ આગળ ઉપર કોષ્ટકમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ પોતાની ફરીયાદ હકીકતના સમર્થનમાં રજુ રાખેલ છે. ફરીયાદી ઘ્વારા રજુ કરવામાં આવેલ આંક.૭ થી ૧૨ વાળા દસ્તાવેજો ઘ્યાને લેતા, તે પૈકી ફરીયાદવાળા વિવાદીત ચેકની તારીખ, ચેકના રીટર્ન મેમોની તારીખ, આરોપીને આપવામાં આવેલ નોટીસની તારીખ તથા હાલની આંક. ૧ વાળી ફરીયાદ કર્યાની તારીખ જોતા ફરીયાદ પક્ષ ઘ્વારા એકટની કલમ ૧૩૮ ના (એ), (બી), (સી) મુજબના ત્રણેય આવશ્યક તત્વો પરીપુર્ણ થયા બાદ નિયત સમય મર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોય અને તે રીતે એકટ અન્વયેના પ્રાાથમિક આવશ્યક તત્વો પરીપુર્ણ જણાતા ગુનાનુ સંજ્ઞાન લેવામાં આવેલ છે તે જોતા હાલનો કેસ એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ મુજબના આરોપી વિરૂઘ્ધના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે. આરોપી વિરૂઘ્ધના અનુમાનો અસ્તિત્વમાં આવેલ હોય તેનું ખંડન કરવાની જવાબદારી અથવા તે વિરૂઘ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી બચાવપક્ષના ઉપર રહેલ છે અને જયાં સુધી આવા કાનુની અનુમાનોનું ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી તે જેમના તેમ આરોપી વિરૂઘ્ધ અસ્તિત્વમાં રહે છે.

(૯.૧) આ કામે આરોપીપક્ષે ફરીયાદીની ફરીયાદ હકીકતનો માત્ર ઈન્કાર કરેલ છે તે સિવાય કોઈપણ સ્પષ્ટ બચાવ લીધેલ નથી તેમ છતાં આ કામે રેકર્ડ ઉપરના ઉપસ્થિત પુરાવા

અને હકીકતોનું મુલ્યાંકન કરવામાં આવે તો, સૌ પ્રથમ આ કામના આરોપીએ પ્લી નોંધતા સમયે, કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન ફરીયાદવાળા ચેકમાં પોતાની સહી બાબતે કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી, જેથી આરોપીએ પોતાની સહી કરી હાલનો ચેક ફરીયાદીને આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, ફરીયાદવાળા વિવાદીત ચેક અન્વયે જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેકની તમામ હકીકતો સાચી અને ખરી હોવાનું અનુમાન કરવાનું રહે છે. વધુમાં એકટની કલમ ૧૧૮ સાથે વંચાણે લેતા ૧૩૯ ના અનુમાનો મુજબ વિવાદીત ચેક આરોપીએ કોઈ દેવાની પુર્ણ કે અંશત : ચુકવણી સારૂ અથવા તો અન્ય કોઈ જવાબદારી અદા કરવા સારૂ આપેલ હશે તેવું અનુમાન કરવાનું રહે છે. અલબત આ અનુમાનો ખંડનાત્મક છે. પરંતુ જયાં સુધી આવા અનુમાનોનું આરોપીપક્ષ ધ્વારા ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી આ કાનુની અનુમાનો ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરૂધ્ધમાં અસ્તિત્વમાં રહે છે. આ કાનુની અનુમાનોનું ખંડન આરોપીપક્ષ ફરીયાદીની ઉલટતપાસ ધ્વારા, પોતે કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરીને અથવા તો ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ રાખેલ રેકર્ડ ઉપરના ઉપલબ્ધ પુરાવામાં સંભવિત શંકા ઉત્પન્ન કરીને પણ અનુમાનોનું ખંડન કરી શકે છે. પરંતુ આ કામે રેકર્ડ આધારે જોતા આરોપીપક્ષ ધ્વારા તેમની વિરૂધ્ધના અનુમાનોનું ખંડન કરવા માટે કોઈ જ સક્રિય પ્રયત્નો કરેલ નથી. વળી, પ્રાથમિક તબકકે જ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા સરતપાસનું સોગંદનામું રજુ રાખ્યા બાદ આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે આરોપીપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવ્યા બાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ માટે કોઈ જ સક્રિય પ્રયત્ન કરેલ ન હોય જેથી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપીપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો પોતાનો હક ખોલવા માટે કોઈ અરજ અહેવાલ અત્રેની કોર્ટ સમક્ષ કરવામાં આવેલ નથી કે અત્રેની કોર્ટના આ હુકમને પડકારવા માં આવેલ નથી. આમ, ફરીયાદીની ઉલટ તપાસ ધ્વારા પોતાનો બચાવ રજુ કરવાની પણ આરોપી ધ્વારા દરકાર લેવામાં આવેલ નથી. તેમજ ત્યારબાદ પણ એફ. એસ. માટે હાજર રહેલા નથી કે અંતિમ તક સ્વરૂપે દલીલો કરવાની પણ દરકાર લીધેલ નથી. જેથી હાલનું કામ પુરાવાકીય મુલ્યાંકન આધારે ગુણદોષ ઉપર આખરી ઠરાવ માટે રાખવામાં આવેલ છે.

(૯.૨) આ કામે સમગ્ર ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષે ફરીયાદીએ રજુ કરેલા ઉપરોકત વર્ણવ્યા મુજબના આંક. ૮ થી ૧૨ વાળા દસ્તાવેજી પુરાવાઓ સંદર્ભે કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી કે

ફરીયાદપક્ષે રજુ કરેલા દસ્તાવેજોમાં જણાવેલ હકીકતોથી વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે કોઈ પ્રયત્ન સુધ્ધા કરેલ ન હોય જેથી આ દસ્તાવેજ અને તેમાં નોંધેલ હકીકતો નહીં માનવાને કોઈ સ્પષ્ટ અને વ્યાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી. આ કામે ફરીયાદવાળો ચેક ડીસઓનર થયા બાદ ફરીયાદી ધ્વારા કાયદેસરની નોટીસ આરોપીના સાચા અને ખરા સરનામે મોકલવામાં આવેલ છે અને તે નોટીસની આરોપીને બજવણી થયેલ છે. બચાવપક્ષે હાલની નોટીસ બજયા અંગે કોઈ તકરાર લીધેલ નથી કે કોઈ બચાવ રજુ કરેલ નથી કે તેવી હકીકતથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. વધુમાં બચાવપક્ષે નોટીસનું પાલન ન કરતા ફરીયાદ પક્ષ ધ્વારા સમય મર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરવામાં આવી હોઈ, જેથી ઉપરોકત તમામ વિગતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ ધ્વારા એકટની કલમ ૧૩૮ ના આવશ્યક તત્વોનું પાલન કર્યા બાદ હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ હોઈ, ત્યારે ફરીયાદપક્ષની તરફેણમાં એકટની કલમ ૧૩૮, ૧૧૮ સાથે વંચાણે લેતા કલમ ૧૩૯ ના અનુમાનો કરવાના રહે છે કે, '' આરોપી ધ્વારા ફરીયાદવાળો ચેક ફરીયાદીના કાયદેસરના લેણાં અને જવાબદારી પેટે આપવામાં આવેલ હતો અને ફરીયાદીએ પણ તે ચેક પોતાના આરોપી પાસે કાયદેસરના લેણાં પેટે અથવા તો જવાબદારી પેટે સ્વીકારેલ હતો '' હાલના તબકકે સ્પષ્ટપણે ઉપરોકત અનુમાનોનું ખંડન કરવાની બચાવપક્ષને તક મળી રહે છે, પરંતુ મૂળભુતપણે બચાવપક્ષે તે હકીકતો વાજબી કારણો સાથે પુરવાર કરવાની રહે છે. પરંતુ રેકર્ડ ધ્યાને લેતા આરોપીએ ફરીયાદવાળો ચેક કાયદેસરના લેણા અથવા તો જવાબદારી પેટે આપેલ ન હતો તેવો કોઈપણ સ્પષ્ટ બચાવ લઈ તે બચાવને આરોપીપક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરવા માટે પ્રયત્ન સુધ્ધા કરેલ નથી. આ કામે આરોપીએ માત્ર પોતાની પ્લીમાં ગુન્હો કરેલ ન હોવાનો બચાવ લીધેલ છે તે સિવાય અન્ય કોઈ સ્પષ્ટ બચાવ લીધેલ નથી કે આવા બચાવને પુરવાર કરવા માટે કોઈ સફળ પ્રયત્ન કરેલ નથી. જેથી સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા બચાવપક્ષ પોતાના શીરે આવેલ કાનુની અનુમાનોનું ખંડન કરવા કોઈ પણ જાતનો પ્રયત્ન કરેલ ન હોય, બચાવપક્ષને કાનુની અનુમાનોનું ખંડન કરવા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ધ્યાને લેતા સ્પષ્ટપણે જણાઈ આવે છે. વળી, આ કામે ફરીયાદપક્ષે ફરીયાદ હકીકતને સમર્થનકારી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલ નથી કે આવા દસ્તાવેજોને પડકારવામાં આવેલ નથી. જયારે આ દસ્તાવેજોને ફરીયાદીના સરતપાસના સોગંદનામાથી સમર્થન મળેલ હોય તે સંજોગોમાં આ દસ્તાવેજો અને તેમાં નોંધેલ હકીકતોને નહિં માનવાને કોઈ જ વ્યાજબી કારણ

ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતું નથી. ફરીયાદ દાખલ કરતા સમયે આંક.૭ થી ૧૨ વાળા દસતાવેજો ને ટેન્ટેટીવ આંક આપવામાં આવેલ છે તેને કન્ફર્મ આંક માનવામાં આવે છે.

(૯.૩) આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ હાલની ફરીયાદ દાખલ થયા બાદ ફરીયાદીની ઉલટ તપાસ કરવાની પણ કોઈ દરકાર આરોપી ધ્વારા લીધેલ ન હોય જેથી આરોપીના કસુરના કારણોસર ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપીનો હક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં આરોપીએ આ કામના ફરીયાદીને ફરીયાદવાળો ચેક કાયદેસરના દેવાની ચુકવણી સારૂ આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપરથી પુરવાર થઈ આવે છે અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા તે હકીકતનો ઈન્કાર કરવા માટે કોઈપણ વાજબી કારણો રેકર્ડ ઉપરથી જણાઈ આવતા નથી. આ કામ ના આરોપીના પોતાના ખાતાનો આરોપીની પોતાની સહીવાળો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવ્યો ? તે અંગેના કોઈ સ્પષ્ટ કે વ્યાજબી ખુલાસા આરોપીએ કરેલ નથી કે આવા કોઈ ખુલાસાને રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરેલ નથી. વધુમાં આરોપીપક્ષે સંભવિતતાના ઉચ્ચ ગુણવત્તાવાળા કોઈ બચાવથી ફરીયાદી તરફેના અનુમાનોનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર પુરવાર કરી શકેલ નથી.

(૯.૪) આમ,ઉપરોકત તમામ ચર્ચાના અંતે, રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો ધ્યાને લેતા આરોપી ધ્વારા માત્ર અને માત્ર અત્રેની કોર્ટ સમક્ષ નોંધવામાં આવેલ પ્લીમાં ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરવામાં આવેલ છે, જે આરોપીને નિર્દોષ સાબિત કરવા માટે પુરતું હોવાનું કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી. કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન આરોપીપક્ષે કોઈ જ બચાવ લીધેલ નથી કે આવા બચાવને સમર્થનકારી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી તેવા સંજોગોમાં આરોપી વિરૂધ્ધના કાનુની અનુમાનો માનવાને કારણ રહે છે. ઉપરોકત હકીકતો ધ્યાને લેતા બચાવપક્ષ એકટની કલમ ૧૩૮, ૧૧૮ સાથે વંચાણે લેતા કલમ ૧૩૯ નું અનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ હોય, ફરીયાદપક્ષના કેસને કાનુની અનુમાનોના આધારે રેકર્ડ ઉપર વ્યાજબી શંકાથી પર સાબિત થઈ આવે છે. જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને રાખી **મુદ્દા નં.૧ નો જવાબ ''હકારમાં''** ઠરાવી આ કામના આરોપી કેતનભાઈ નટુભાઈ ચૌહાણ, રહેવાસી:- એ/૧૧, શાસ્ત્રીનગર, નાના મવા મેઈન રોડ,રાજકોટ, તથા રહે. ૭૩૭-૭૩૮,સ્ટાર ચેમ્બર્સ, ટાગોર માર્ગ,રાજકોટ હરીહર ચોક, રાજકોટ નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૩મી, માહે ડિસેમ્બર, વર્ષ ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૩–૧૨–૧૯
મુ.અમદાવાદ

(પરેશકુમાર બી.પટેલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટની કોર્ટ નં.૩૦, અમદાવાદ.
UIGJ 00805

(૧૦) આજરોજ આ કામના ફરીયાદી તેમના વિ.વકીલશ્રી સાથે હાજર રહેલ છે. આ કામના આરોપી આજરોજ ગેરહાજર રહેલ છે. આજરોજ આખરી ઠરાવની સુનાવણી માટે આ કામના આરોપી હાજર રહેલ ન હોય, જેથી ફરીયાદી અને તેમના વિ. વકીલશ્રીની હાજરીમાં નામ.ગુજરાત હાઈકોર્ટના **SPECIAL CRIMINAL APPLICATION (QUASHING) No. 9113 OF 2016 (ISHWARBHAI HIRABHAI CHUNARA & 1 V/S. STATE OF GUJARAT & 1, Dated 22.02.2017** ના ચુકાદામાં પેરા નં.૬ માં પ્રસ્થાપિત કરેલા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૫૩ અન્વયેના સિધ્ધાંત ધ્યાને રાખી આ કેસનો ચુકાદો વધુ વિલંબિત કરવો ઉચિત જણાયેલ ન હોય, જેથી આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો હુકમ જાહેર કરી સજા અંગે સાંભળવા માં આવેલ છે. આરોપીને તકસીરવાન ઠરાવ્યા બાદ સજા સંદર્ભે ફરીયાદીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદીના નાણાંની ચુકવણી કરેલ નથી, તે રકમની ચુકવણી માટે આપવામાં આવેલ ચેક પણ રીટર્ન થયેલ છે, જેથી ફરીયાદીને હાલની ફરીયાદ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે, જેથી આરોપીને મહત્તમ સજા કરી, ફરીયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે વળતર અપાવવા અરજ ગુજારેલ છે. આરોપીપક્ષે સજા અંગે રજુઆત કરવા કોઈ હાજર નથી.

ફરીયાદપક્ષની દલીલો ધ્યાને રાખી, આ કેસના સંજોગો ધ્યાને લેતાં રેકર્ડ ઉપર એ હકીકત પ્રસ્થાપિત થઈ આવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી નાણાંની પરત ચુકવણી કરેલ નથી અને ચુકવણા માટે ઈસ્યુ કરેલા ફરીયાદવાળા ચેકો પણ રીટર્ન થયેલ છે. જે કારણે ફરીયાદીને હાલની ફરીયાદ દાખલ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતા જો હાલના ગુન્હા માટે આરોપીને ૧ (એક) વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે અને ફરીયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે આ કામના આરોપી પાસેથી ફરીયાદીને સી. આર. પી. સી. ની કલમ ૩૫૭ (૩) અન્વયે ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદ કર્યા તારીખથી વાસ્તવિક ચુકવણા તારીખ સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ સહિત વળતર પેટે દિન ૩૦ માં ચુકવી આપવાનો હુકમ નામ.સવોચ્ચ અદાલતોના **R. Vijaayan v. Baby, 2012 (1) SCC, 260 and H. Pukhraj v/s. D. Parasmal 2015 (17) SCC, 368** ના ચુકાદા તેમજ તેમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાને રાખી કરવામાં આવે અને આ હુકમનું પાલન કરવામાં આરોપી નિષ્ફળ ગયેથી આરોપીએ વધુ ૪ (ચાર) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં

આવે તો હાલના કેસના સંજોગોને ધ્યાને લેતાં તે ઉચિત, વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, ઉપરોકત તમામ હકીકતો નજર સમક્ષ રાખી **મુદ્દા નં.ર** અન્વયે આથી નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

આખરી હુકમ

(૧) આ કામના આરોપી કેતનભાઈ નટુભાઈ ચૌહાણ, રહેવાસી:એ/૧૧, શાસ્ત્રીનગર, નાના મવા મેઈન રોડ,રાજકોટ, તથા રહે.૭૩૭–૭૩૮,સ્ટાર ચેમ્બર્સ, ટાગોર માર્ગ,રાજકોટ હરીહર ચોક, રાજકોટનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ૧ (એક) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૩૫૭ (૩) અન્વયે આ કામના ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદ કર્યા તારીખથી વાસ્તવિક ચુકવણા તારીખ સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ સહિત આ હુકમ થયેથી દિન ૩૦ માં વળતર પેટે ચુકવવી, જો આરોપી ફરીયાદીને વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૪ (ચાર) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આ કામના આરોપી આજરોજ હાજર રહેલા ન હોય તેઓની હાજરી સુનિશ્ચિત કરવા આરોપી વિરૂધ્ધ નોન બેઈલેબલ વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૩મી, માહે–ડિસેમ્બર, વર્ષ ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:૨૩–૧૨–૨૦૧૯
સ્થળ:અમદાવાદ.

(પરેશકુમાર બી.પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૦,અમદાવાદ
UIGJ 00805